## વિષય : માધ્યમિક શાળાઓમાં વર્ગદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા

અંક : સનવ–૧૪–ઘ, શિક્ષણ નિયામકની કચેરી,
ગુજરાત રાજય,અમદાવાદ તા. ૯–૧૦–૧૯૭૦

પ્રતિ,
શ્રી શિક્ષણાધિકારીશ્રી : સર્વે

આથી આપનું ઘ્યાન આ કચેરીના પત્ર ક્રમાંક પત્ર ઠરાવ તા.૩૧–૮–૧૯૭૦ તરફ દોરવામાં આવે છે. ઉપરોકત પત્ર અત્યંત સ્પષ્ટ છે. તેમાં જણાવવામાં આવેલ છે કે, કોઈપણ શાળામાં ઓછામાં ઓછા બે વર્ગ હોય જેમાં ૩૦ તથા ૨૫ એમ અનુક્રમે વર્ગની સંખ્યા હોય તો આ બંને વર્ગો ચાલુ રાખવા જોઈએ. નહિ કે, બંને વર્ગોને ભેગા કરી એક વર્ગ બનાવવામાં આવે, અને વધારાના શિક્ષકોને છૂટા કરવામાં આવે.

અત્રેથી આપવામાં આવેલ આદેશ મુજબ પ્રત્યેક વર્ગની સંખ્યા ૫૦ ની હોઈ શકે, અને વધારાની પાંચની સંખ્યા જિલ્લા શિક્ષણાધિકારીથી આપી શકે, તેનું અર્થઘટન એ છે કે ભવિષ્યમાં જે વર્ગો નવા થાય તેમાં ૫૦ સુધી વિદ્યાર્થી સંખ્યા લઈ જવાય. એનો અર્થ એ નહિ કે જયાં આવા વર્ગો : ઓછી સંખ્યાવાળા હાલ હોય તો તેમને ભેગા કરીને (૫૫) ની સંખ્યાને પૂરી કરવી.

ઉપરનો સ્પષ્ટ આદેશ હોવા છતાં એમ જાણવા મળેલ છે કે, કેટલાક જિ. શિક્ષણાધિકારી એ પોતાના જિલ્લામાં માઘ્યમિક શાળાઓને એવો આદેશ આપ્યો છે કે તેમાં જે વર્ગોમાં ઓછી હોય તે બંને ને ભેગા કરી (૫૫) ની મર્યાદા સુધી લઈ જવો. અને આમ વર્ગો ઓછા કરી શિક્ષકો ઘટાડવા. સરકારશ્રીનો આ આશય નથી. અને તેથી આ પરિપત્ર ઘ્વારા આપને વિનંતી કે, આવો પરિપત્ર આપે બહાર પાડયો હોય તો તે તાત્કાલિક પાછો ખેંચી લેવો અને તેબાબતની અત્રે તાત્કાલિક જાણ કરવી. તેમજ ખરેખર જે પરિસ્થિતિ છે અને ખરેખર જે સ્પષ્ટ આદેશ છે તેનો અમલ બધી શાળાઓમાં થાય એમ કરવું. મતલબ કે, ફરીથી બધી શાળાઓને પરિપત્ર કરી જણાવવાનુ કે, ચાલુ વર્ગોની ઓછી સંખ્યાને ઘ્યાનમાં લઈ તેને ભેગા કરવાની આવશ્યકતા નથી.

(સહી) ઈન્દ્ર વસાવડા
શિક્ષક નિયામક, ગુજરાત રાજય

## ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો–૧૯૭૪ સુધારા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૧૮૩/૩૧૬૫ઃ ૮૭ઃ–ગ
સચિવાલય, ગાંધીનગર, તા.૧૨–૪–૮૮.

**વંચાણમાં લીધો :** સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તા.૭–૮–૮૭ નો પત્રક્રમાંક : બમશ–જનરલ–વિનિમય–સુધારો–૪૧૭૮૮.

**ઠરાવ :** શ્રી ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ સને.૧૯૭૩ ના ગુજરાતના ૧૮ માંની કલમ ૫૩ ની પેટાકલમ–(૩) થી મળેલ સતાની રૂએ ગુજરાત સરકાર, આથી ગુ.મા. શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ કરવામાં આવેલા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો, ૧૯૭૪ માં નીચેના ફેરફાર મંજૂર કરે છે.

**વિનિમય મૂકવો :** કોઈ કાયમી કર્મચારીઓ નોકરી કલમ ૩૬ ની જોગવાઈ ન દોષિત કરતાં લીધેલાં શિક્ષાત્મક પગલાં ડિસમિસલ રિમુવલ ટર્મિનેશન સિવાયના કારણોસર સંચાલકોએ સમાપ્ત કરી હોય ત્યારે આવો કર્મચારી.

(ક) જો તેણે શાળામાં પાંચ વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદત માટે નોકરી પૂરી કરી તો ભથ્થા સહિત છ (૬) મહિનાના પગાર જેટલી રકમનુ અને.

(ખ) જો તેણે શાળામાં પાંચ વર્ષ કરતાં વધારે મુદત માટે નોકરી કરી હોય તો પ્રથમ પાંચ વર્ષ માટે ભથ્થ સહિત છ (૬) મહિનાના પગાર અને પાંચ વર્ષ કરતાં વધારે મુદતના દરેક વર્ષ માટે એક ના પગાર જેટલી રકમનું વળતર મેળવવાને હકદાર રહેશે.

પરંતુ ફાજલ સંખ્યાધિક તરીકેની જોગવાઈનો લાભ લેનારા કર્મચારીઓ વળતર મેળવવા હકકદાર રહેશે નહી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી) બી. વી. નિનામા
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.

# બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને રક્ષણ આપવા બાબત

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ઉમશ–૧૨૯૩/૨૫૩૩/ગ ૧,
સચિવાલય, ગાંધીનગર, તા.૨૧–૫–૧૯૯૪.

**વંચાણમાં લીધો :**

૧. શિક્ષણ વિભાગના તા.૧૧–૧–૮૩ના સરકારી ઠ.ક્ર.બમશ–૧૩૮૨–૮૧૬–૮૩/ગ
૨. સરકારશ્રી શિ.વિ.ના તા.૧૩–૨–૯૦ ના ઠ.ક્ર.ઉમશ–૧૨૮૬–૬૧૮૦૬ ગ ૧.
૩. સરકારશ્રી શિ.વિ.ના તા.૧૦–૭–૯૨ ના ઠ.ક્ર.ઉમશ–૧૨૯૨–૬૪૧ ગ ૧.
૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુ.રા.ગાંધીનગરનો તા.૩૦–૧૨–૯૩ નો પત્ર ક્ર. બમશ–મા–૧/ ફાજલ/ઘ/૯૩–૯૪/૧૨/ ૨૮૪–૮૫.

**આમુખ :** રાજયમાં આવેલી બિન સરકારી માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓના અભાવે બંધ થતી હોય છે તે રીતે કેટલીક શાળાઓમાં વર્ગો બંધ થવાની પરિસ્થિતિ ઉભી થાય છે જેને પરિણામે બંધ થતી શાળાઓ કે વર્ગોના ફાજલ માધ્યમિક શિક્ષકો કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો/ કર્મચારીઓને સમાવવાનો પ્રશ્ન ઉભો થાય છે. ઘણી વખત લાંબા સમય સુધી અમુક પ્રમાણમાં શિક્ષકો/ કર્મચારીઓને સમાવી શકતા નથી. જેને કારણે આવા ફાજલ શિક્ષકો કર્મચારીઓને આપવામાં આવેલ પગાર રક્ષણને કારણે બેઠા બેઠા પગાર ચૂકવવો પડે છે. અને સરકારને આ રીતે બિન જરૂરી આર્થિક બોજો વહન કરવો પડતો હોય છે તેમ છતાં ફાજલ શિક્ષકો કર્મચારીઓને રક્ષણ આપવાની નીતિને સરકારશ્રીએ વખતો વખત હુકમો કરીને ચાલુ રાખેલ છે. ફાજલ શિક્ષકો કર્મચારીઓના રક્ષણ અંગેની પ્રવર્તમાન નીતિ બાબતે પુનઃ વિચારણા કરવી ખૂબ જ જરૂરી જણાતાં તે માટે તા.૧૩–૪–૯૪ ના રોજ મા. મુખ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ મહામંડળના હોદેદારો સાથેની એક બેઠકમાં વિસ્તુત ચર્ચાને અંતે ફાજલ શિક્ષકો કર્મચારીઓને અપાતા પ્રવર્તમાન રક્ષણ સંબંધે એક નીતિ ઘડી કાઢવા ઠરાવવામાં આવ્યુ છે.

**ઠરાવ :** કાળજીપૂર્વકની વિચારણાને અંતે માધ્યમિક શિક્ષકો અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો કર્મચારીઓને અપાતી રક્ષણની પ્રવર્તમાન નીતિને બદલે નીચે દર્શાવ્યા મુજબની નવી નીતિનો અમલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૧.** તા.૧૫–૪–૧૯૯૪ અથવા તે પહેલા નિમાયેલ માધ્યમિક શિક્ષકો કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો કર્મચારીઓ કે જેને ઓછામાં ઓછી એક વર્ષની એટલે કે ૩૬૫ દિવસની નોકરી થઈ

હોય તેઓને જ ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને રક્ષણ આપવાનુ રહેશે. તા.૧૬–૪–૯૪ થી કે પછી નિમણૂક પામેલ શિક્ષક/ કર્મચારીઓને ફાજલનુ રક્ષણ કરવામાં આવશે નહિ.

૨. તા.૧૬–૪–૧૯૯૪ કે તે પછી નિમણૂક પામેલા કોઈને પણ ફાજલ શિક્ષક કર્મચારી તરીકેનુ કોઈપણ રક્ષણ આપવામાં આવશે નહિ પરંતુ તેવા ફાજલ શિક્ષક કર્મચારીને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો– ૧૯૭૨ ના વિનિમય–૩૩ હેઠળની જોગવાઈ મુજબ વળતર આપીને છૂટા કરવાના રહેશે. આવા શિક્ષક કર્મચારીને છૂટા કરતી વખતે ચૂકવવા અંગે શાળાઓને કોઈપણ જાતની ગ્રાન્ટ આપવામાં આવશે નહિ અને શાળા એ પોતાના ફંડમાંથી વળતર ચૂકવવાનુ રહેશે. જે શાળા શિક્ષક/ કર્મચારીને વળતર ચૂકવવામાં ચૂક કરશે તેને નિભાવ ગ્રાન્ટમાંથી વળતરની રકમ કાપી લેવામાં આવશે. જે શાળા આ રીતે વળતર ચુકવવામાં ચૂક કરશે તેની સામે જિલ્લા શિક્ષણાધિકારીએ કાયદેસરના પગલાં લેવાના રહેશે.

૩. ફાજલ શિક્ષક કર્મચારી તરીકેનુ રક્ષણ બંધ કરવુ એટલે નોકરીમાંથી છૂટા થવુ તેવુ સ્પષ્ટ અર્થઘટન કરવાનુ રહેશે.

૪. તા.૧૫–૪–૧૯૯૪ સુધી નિમણૂક પામેલ શિક્ષક કર્મચારીઓ કે જેઓની નોકરી તે તારીખ એક વર્ષની પૂરી થઈ હશે તેઓને સંજોગો ઉપસ્થિત થતાં છૂટા કરવામાં આવ તો નીચેની જોગવાઈઓ અનુસાર ફાજલનુ રક્ષણ આપવામાં આવશે.

**એ.** આવા ફાજલ શિક્ષક કર્મચારી જે શાળામાંથી છૂટા થયા તે શાળા શરૂ થયાના પાંચ વર્ષની અંદર બંધ થયેલ ન હોવી જોઈએ.

**બી.** જે શાળામાં વર્ગ બંધ થયાના કારણે શિક્ષક કર્મચારી ફાજલ થાય તે શાળાને આવો વર્ગ બંધ થયા પછી પાંચ વર્ષ સુધી નવો વર્ગ કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહી.

**સી.** ફાજલ શિક્ષક કર્મચારીને સમાવવા બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો આદેશ આખરી ગણવામાં આવશે અને જો સંબંધિત શિક્ષક / કર્મચારી તેમને ફાળવેલ જગા ઉપર નહી જાય તો તેને નોકરીમાંથી છૂટા કરવામાં આવશે અને પછી તેમની નોકરી ગમે તેટલા વર્ષની હોય તો પણ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમય ૧૯૭૨ ના નિયમ–૩૩ ની જોગવાઈ મુજબ તેને વળતર આપી ને છૂટા કરવામાં આવશે.

**ડી.** સરકારના ઠરાવ કે પરિપત્રો કે અન્ય કોઈપણ જગાએ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો પણ જે તે શાળામાં બીજી કે કોઈપણ શાળામાં જગ્યા ના હોય તો કન્યા શાળામાં પણ પુરુષ કર્મચારીને ફાળવવામાં આવશે અને તેને કન્યા શાળાએ સ્વીકારવાના રહેશે.

**ઈ.** સંસ્થાને ફાળવેલ ફાજલ શિક્ષક કર્મચારીને હાજર ન કરે તેવા કિસ્સાઓમાં જેટલો સમય આવા કર્મચારીને કામ વગર પગાર ચૂકવવો પડે તે ખર્ચ સંસ્થાને ચૂકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી કાપી લેવામાં આવશે જો શાળાને મદદનીશ શિક્ષકના પગાર જેટલા નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન હોય તો તેવી શાળાની નોંધણી રદ કરવા માટેની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એ કરવાની રહેશે.

**એફ.** ફાજલ શિક્ષક/ કર્મચારીએ તેને સમાવવા અંગે સ્થળ પસંદગી અંગેનો વિકલ્પ આપવા સંબંધે અગાઉની જે કોઈ જોગવાઈ કરવામાં આવી હશે તે રદ કરવામાં આવશે.

**જી.** ભાષાકીય કે ધાર્મિક લઘુમતિના પાયા ઉપર સંસ્થાઓ ધ્વારા ચલાવાતી શાળાઓમાંથી ફાજલ થતા શિક્ષક કર્મચારીને અન્ય લઘુમતિ શાળાઓ કે બીજી શાળાઓમાં સમાવવામાં આવશે. વિકલ્પે નિયમાનુસારની કાર્યવાહી કરી વિનિમય–૩૩ મુજબ વળતર આપી છૂટા કરવાના રહેશે.

**એચ.** જે શિક્ષક કર્મચારીને ફાજલ તરીકેનુ રક્ષણ મળેલ હોય તેને પ્રથમ સંબંધિત જિલ્લામાં અથવા નજીકના જિલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને તે પ્રમાણે જગા ન હોય તો રાજયના ગમે તે જિલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને ત્યાં જવુ તેને માટે ફરજિયાત રહેશે.

**આઈ.** બિન શૈક્ષણિક કર્મચારીની જગા પ્રવર્તમાન નિયમાનુસાર ફરજિયાત રહેશે કુલ સંખ્યા ઉપર આધારિત છે પણ ગ્રંથપાલ, પ્રાયોગિક શિક્ષણ લેબોરેટરી આસીસ્ટન્ટ કમ પટાવાળા જેવી ખાસ ચોકકસ જગાઓ ભૌતિક સુવિધા અને વર્ગોની સંખ્યાને ઘ્યાનમાં રાખીને ઉભી થાય છે. આ તમામ જગાઓ ઉપર કામ કરતાં કર્મચારીઓને પણ કોઈપણ પ્રકારે ફાજલ કરવાના થાયતો ઉપર જણાવ્યા પ્રમાણેના નિયમો જ લાગુ પાડવાના રહેશે.

**જે.** કોઈપણ શાળામાં શૈક્ષણિક બિન શૈક્ષણિક જગા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઈન્ટ પ્રમાણે તે જગા અને કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોય અને જે તે વિષયના ફાજલ શૈક્ષણિક બિન શૈક્ષણિક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે ઉપલબ્ધ હોય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ ફાજલ શિક્ષક કર્મચારીથી જે તે જગા ભરવાની રહેશે અને રોસ્ટર પોઈન્ટ આગળ ખેંચી લેવાની રહેશે.

**કે.** જો શાળામાં જગા ખાલી પડે અને શાળામાં જો ફાજલ શિક્ષક કર્મચારી ફાળવવામાં આવેલ હોય તો નવી ખાલી પડતી જગા માટે **ના વાંધા** પ્રમાણપત્ર આપવું. જો ખાલી પડેલ જગ્યાની તરત આગળની જગા માટે **ના વાંધા** (No Objection) પ્રમાણપત્ર આવેલ હોય

અને શાળામાં એક સાથે એક કરતાં વધુ ખાલી પડે અને ફાજલ શિક્ષક ઉપલબ્ધ હોય તો ફાજલ શિક્ષકની ફાળવણી કરવી જો શાળામાં એક સાથે એક કરતાં વધુ જગા ખાલી પડે અને ફાજલ શિક્ષક ઉપલબ્ધ હોય તેને ફાળવી આપવા આ પ્રમાણ ૧:૧ નુ રાખવુ તે દરમિયાન આવી શાળાઓની ફાળવણી થયે ફરજિયાત પણે સ્વીકારવાના રહેશે અને આવા શિક્ષકોનો ફકત પગાર ખર્ચ ગ્રાન્ટ રૂપમાં આવી શાળાનતે આપવાનો રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી/ (ડી.સી.વોરા)**
ઉપસચિવ, શિક્ષણ

........................................................................................

## બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને રક્ષણ આપવા બાબત

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ઉમશ–૧૨૯૩/૨૫૩૩/ગ ૧,
સચિવાલય, ગાંધીનગર, તા.૨૧–૧૨–૧૯૯૪.

**વંચાણમાં લીધો :** (૧) સરકારશ્રી શિ.વિ.નો તા.૨૧–૫–૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક : બકશ–મા.૧/ઘ/ ૯૪–૯૫–૧૩૦૭૧

(૨) ઉચ્ચ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૬–૧૦–૯૪ નો પત્રક્રમાંકઃ બકશ– મા.૧/ ઘ.૯૪–૮૫ ૧૩૦૭૧.

**આમુખ :** બિન સરકારી તથા ઉચ્ચતર માધ્યમિશ શાળાના ફાજલ શિક્ષકો કર્મચારીઓને રક્ષણ આપવા સંબંધે ઉકત સધપ(૧) હેઠળના તારીખ ૨૧–૫–૯૪ ના ઠરાવથી એક નવી નીતી ઘટી કાઢવામાં આવી હતી. સદરહું નીતિના સંદર્ભમાં ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળની તા.૨૯–૯–૯૪ ના રોજ માન નાયબ મુખ્યમંત્રીશ્રી (શિક્ષણ) ના અધ્યક્ષપદ હેઠળના બેઠકમાં થયેલી ચર્ચામાં નકકી થયા મુજબ, તા.૨૧–૫–૯૪ ના ઠરાવથી ફાજલનુ રક્ષણ મેળવવાપાત્ર થતાં હોય તેવાં શિક્ષકો/ કર્મચારીઓ તેમની બાકી રહેતી સમગ્ર નોકરી દરમિયાન ફકત એક જ વખત શાળા બદલે તો તેને ફાજલનું રક્ષણ મળી શકે કે કેમ તે બાબત સરકારશ્રીના સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :** કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉકત સંદર્ભ (૧) હેઠળના તા.૨૧–૫–૧૯૯૪ ના ઠરાવથી નકકી થયેલી નવી નીતિ મુજબ બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો/ કર્મચારીઓ કે જેઓ, ફાજલનુ રક્ષણ મેળવવાને પાત્ર થતાં હોય, તેવા શિક્ષકો/ કર્મચારીઓ તેમની બાકી રહેતી સમગ્ર નોકરી દરમિયાન ફકત એક જ વખત શાળા બદલે તો તેને નીચેની શરતોને આધીન ફાજલનું રક્ષણ ચાલુ રહેશે તેવું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ઉકત સંદર્ભ (૧) હેઠળના તા.૨૧–૫–૯૪ ના ઠરાવ ક્રમાંક : ઉમશ–૧૨૯૩૨૫૩૩ / ગ. ૧ મુજબ તે શિક્ષક/ કર્મચારીની નિમણૂક તા.૧૫–૪–૯૩ કે તે પહેલાં સમયમાં થયેલી હોવી જોઈએ એટલે કે ફાજલનું રક્ષણ મેળવવાને પાત્ર હોવા જોઈએ.

(૨) ઉપર (૧) મુજબના સંબંધિત શિક્ષક/ કર્મચારી કે જેણે શાળા બદલી હોય તેણે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી મારફત ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની પૂર્વમંજુરી મેળવવાની રહેશે.

(૩) જે શિક્ષક કર્મચારીને શાળા બદલવાની મંજૂરી આપવામાં આવી હોય એ મંજૂરીની નોંધ તેની સેવાપોથીના શાળાના આચાર્યશ્રીએ કરવાની રહેશે અને તે નોંધને સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીએ પ્રમાણિત કરવાની રહેશે તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ઘ્વારા તેવા શિક્ષક કર્મચારી ને શાળા બદલવા મંજૂરી આપતું પ્રમાણપત્ર આપવામાં આવશે અને તે પ્રમાણપત્ર સંબંધિત શિક્ષક કર્મચારીની સેવાપોથીમાં ચોંટાડીને રાખવાનું રહેશે.

(૪) ઉચ્ચ શિક્ષક કમિશ્નરશ્રીની મંજૂરી વિના જો શિક્ષક/ કર્મચારી શાળા બદલશે તો તેની નિમણૂક તારીખઃ ૧૫–૪–૯૩ કે તે પહેલાંની હશે તો પણ ફાજલ શિક્ષક/ કર્મચારીનુ રક્ષણ મેળવવાને પાત્ર રહેશે નહિ.

(૫) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની પૂર્વમંજૂરી વિના જે શિક્ષક/ કર્મચારી ફાજલ તરીકેનુ રક્ષણ મેળવવાને પાત્ર ન થતા હોય તો તેવા શિક્ષક/ કર્મચારી નવી શાળામાં દાખલ થશે તો તેના પગાર કે પગાર ધોરણ યોજના હેઠળ ઘ્યાનમાં લેવામાં આવશે નહિ.

ગુજરાત રાજયપાલશ્રી અને તેમના નામ,

(સહી) સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

## બિન સરકારી/ ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ ની ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં સુધારા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ–૧૩૯૭–૬૩૦–૧–ગ,
સચિવાલય, ગાંધીનગર, તા.૯–૩–૧૯૯૮.

**ઠરાવ :** ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ રજુઆત કરેલ છે કે રાજયની બિન સરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં વર્ગ/ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડવાના કારણે શાળા બંધ થવાના કારણે ફાજલ થયેલ શિક્ષક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની અગાઉની સેવાઓ પગાર અને પેન્શનના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવે છે પરંતુ તેવી સેવાઓ ઉચ્ચતર પગાર ધોરણની યોજનામાં ગણતરીમાં લેવામાં આવતી નથી અને તેથી આવા શિક્ષક બિનશૈક્ષણિક કર્મચારીઓની ઘણા વર્ષની નોકરી હોવા છતાં ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ મળી શકતો નથી. પ્રસ્તુત બાબતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ અને સંકલન સમિતિના હોદેદારો સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબના આદેશો કરવામાં આવે છે.

(૧) ફાજલ થયેલ શિક્ષક–બિન શૈક્ષણિક કર્મચારીની અગાઉ સેવાઓ ઉચ્ચતર પગાર ધોરણ માટે ગણતરીમાં લેવામાં આવશે.

(૨) માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીની ફેરબદલી થાય અને તેવી ફેરબદલી રાજીનામું આપવાના કારણે હોય તો તેવા કિસ્સામાં પણ જો તેમની સેવાઓ પગાર પેન્શન હેતુ માટે ગણતરીમાં લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં નીચેની શરતોને આધીન ઉચ્ચતર પગાર ધોરણ માટે પણ તેમની અગાઉની સેવાઓ ગણતરીમાં લેવી.

**શરતો :–** (૧) કોઈપણ બિનસરકારી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારી એક માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી શાળામાંથી સ્વેચ્છાએ રાજીનામું આપીને બીજી માધ્યમિક– ઉચ્ચતર માધ્યમિક શાળામાં જોડાય તેવા સંજોગોમાં સમગ્ર નોકરી દરમ્યાનનો તૂટનો સમય બે વર્ષથી વધવો જોઈએ નહી.

(૨) એક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી બજી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળામાં રાજીનામું આપીને જોડાય તેવા સંજોગોમાં કોઈપણ તૂટ વચ્ચેનો ગાળો ૧૫ મહિનાથી વધવો જોઈએ નહિ.

(૩) સમગ્ર નોકરી દરમ્યાન વધુમાં વધુ છ તૂટ ગણતરીમાં લઈ શકાશે. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૬–૩–૯૮ ની નોંધથી મળેલ સહમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**બી.કે. ભટ**

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

..............................................................................

## બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર, નાણાં વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ઉમશ–૧૧૯૮–ઈએમ–૫૩–ગ–૧,
સચિવાલય, ગાંધીનગર, તા.૬–૭–૧૯૯૮.

**વંચાણે લીધા :** (૧) શિક્ષણ વિભાગના તા.૧૧–૧–૮૩ ના સરકારી ઠ.ક્ર.બમશ–૧૩૮૨–૮૧૬ – ૮૩–ગ. (૨) સરકારશ્રી, શિક્ષણ વિભાગના તા.૧૩–૨–૯૦ ના ઠ.ક્ર. ઉમશ–૧૨૮૬–૬૧૮૦૬–ગ–૧ (૩) સરકારશ્રી શિક્ષણ વિભાગના તા.૧૩–૨–૯૦ ના ઠ.ક્ર. : ઉમબ–૧૨૯૨–૬૪૧–ગ–૧. (૪) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા. ૩૦–૧૦–૯૩ નો પત્ર ક્રમાંક : બમશ–મા–ફાજલ–ઘ–૯૩–૨૮૪–૮૫. (૫) સરકારશ્રી, શિક્ષણ વિભાગ ના તા.૨૧–૫–૯૪ ના ઠ.ક્ર. ઉમશ–૧૨૯૩–૨૫૩૩–ગ–૧.

**આમુખ :** રાજયમાં આવેલી બિનસરકારી માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓના અભાવે બંધ થતી હોય છે. તે જ રીતે કેટલીક શાળાઓમાં વર્ગ બંધ થવાની પરિસ્થિતી ઉભી થાય છે. જેને પરિણામે બંધ થતી શાળાઓ કે વર્ગોના ફાજલ માધ્યમિક શિક્ષકો કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો/ કર્મચારીઓને સમાવવાનો પ્રશ્ન ઉભો થાય છે. ઘણી વખત લાંબા સમય સુધી અમુક પ્રમાનણમાં શિક્ષકો/ કર્મચારીઓને સમાવી શકાતા નથી.

જેને કારણે આવા ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને આપવામાં આવેલ પગારના રક્ષણને કારણે ઘેરબેઠા પગાર ચૂકવવો પડે છે. અને સરકારને આ રીતે બીન જરૂરી આર્થિક બોજો સહન કરવો પડે છે. તેમ છતાં આવા ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને રક્ષણ આપવાની નીતિને સરકારશ્રીએ વખતોવખત હુકમો કરીને ચાલુ રાખેલ છે. ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના આંદોલનનો એક મુદો ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને કાયમી શિક્ષણ આપવા અંગેનો હતો જે અંગે વાટાઘાટોના અંતે પ્રવર્તમાન નીતિ બાબતે પુનઃ વિચારણા જરૂરી જણાતાં તે માટે તા.૨૮–૬–૯૮ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાત માધ્યમિક શિક્ષક મહામંડળના હોદેદારો સાથેની એક બેઠકમાં વિસ્તુત ચર્ચાને અંતે ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને અપાતા પ્રવર્તમાન રક્ષણ સંબંધે નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.

**ઠરાવ :** કાળજી પૂર્વકની વિચારણાને અંતે રાજયની સહાય લેતી માઘ્યમીક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો/ કર્મચારીઓ તેઓની નિમણૂક જો તા.૩૦–૬–૯૮ સુધીમાં થયેલ હોય તો તેવા ફાજલ થયેલ આચાર્યો, શિક્ષકો અને કર્મચારીઓને (લઘુમતી શાળાઓ સહિતના) તમામને રક્ષિત ગણવામાં આવશે અને તેઓને ફાજલ કર્મચારીઓને મળતા લાભો આપવામાં આવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨–૭–૯૮ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ગંગાસિંહ પરમાર**
અધિક સચિવ, શિક્ષણ વિભાગ.

..........................................................................................

## બિન સરકારી માધ્યમિક તથા માધ્યમિક શાળાના શિક્ષકો/ કર્મચારીઓને રક્ષણ આપવા અંગે.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ઉમશ–૧૧૦૮–ઈએમ–૫૩–ગ–૧,
સચિવાલય, ગાંધીનગર, તા.૧૫–૫–૨૦૦૧.

**વંચાણે લીધા :** (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ઉમશ–૧૨૯૩–૨૫૩૩–ગ–૧, તા.૨૧–૫–૯૪.

(૨)શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃઉમશ–૧૧૯૮–ઈએમ–ગ–૧ તા.૬–૭–૯૮

(૩)શિક્ષણવિભાગનો પત્રક્રમાંકઃઉમશ–૧૧૯૮–ઈએમ–ગ–૧તા.૨૭–૧૦–૯૯

**આમુખ :** ઉપર દર્શાવેલ આ વિભાગના તા.૨૧–૫–૯૪ ના ઠરાવથી તા. ૧૫–૪–૯૪ કે તે પહેલાં બિનસરકારી માઘ્યમિક કે ઉચ્ચતર માઘ્યમિક શાળાઓમાં નિમાયેલ શિક્ષકો, કર્મચારીઓ કે જેમની ઓછામાં ઓછી એક વર્ષની એટલે કે ૩૬૫ દિવસની નોકરી થઈ હોય તેવા શિક્ષકો, કર્મચારીઓને ફાજલ તરીકે ગણીને રક્ષણ આપવાનું ઠરાવવામાં આવેલ છે. તથા તા. ૧૬–૪–૯૪ કે તે પછી નિમણૂક પામેલા શિક્ષણ, કર્મચારીઓને ફાજલનુ રક્ષણ આપવામાં આવશે નહિ. તેવુ પણ ઠરાવવામાં આવે છે. તથા તા. ૧૫–૪–૯૪ સુધી નિમણૂક પામેલ શિક્ષકો, કર્મચારીઓ કે જેઓની નોકરી તે તારીખે એક વર્ષથી પૂરી થઈ હશે તેઓને સંજોગો ઉપસ્થિત થતાં છૂટા કરવામાં આવે તો તેઓને ફાજલનુ રક્ષણ આપવાની જોગવાઈઓ નકકી કરવામાં આવેલ છે. વધુમાં ઉપર દર્શાવેલ ક્રમાંક –૨ પરના આ વિભાગના તા.૬–૭–૯૮ ના ઠરાવથી રાજયની સહાય લેતી બિનસરકારી માઘ્યમિક કે ઉચ્ચતર માઘ્યમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો, કર્મચારીઓને તેઓની નિમણૂક જો તા. ૩૦–૬–૯૮ સુધીમાં થયેલ હોય તેવા ફાજલ આચાર્યો, શિક્ષકો, કર્મચારીઓ ને (લઘુમતી શાળાઓ સહિત) તમામને રક્ષિત ગણીને તેઓને ફાજલ કર્મચારીઓને મળતા લાભો આપવાનુ ઠરાવવામાં આવેલ છે અને ઉપર ક્રમ–૩ ઉપર દર્શાવેલ આ વિભાગના તા.૨૭–૧૦–૯૯ ના પત્રથી તા.૩૦–૬–૯૮ સુધીમાં નિમણૂક પામેલા અને નોકરીમાં જેને ૩૬૫ દિવસ પુરા થયા હોય તેઓને જ ફાજલના રક્ષણનો લાભ મળશે તેવી સૂચના બહાર પાડી છે અને તા.૬–૭–૯૮ નો ઠરાવ અમલમાં આવતાં પહેલાં તા. ૨૧–૫–૯૪ ના ઠરાવની જોગવાઈ મુજબ જે શિક્ષકો, કર્મચારીઓને છુટા કરવાની બધી કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ હોય તેવા કિસ્સામાં તા. ૬–૭–૯૮ ના ઠરાવની જોગવાઈનો લાભ આપવો યોગ્ય નહિ તથા જે કર્મચારી, શિક્ષકોની નિમણૂક અને ભરતીની પ્રક્રિયા નિયમાનુસારની હોય તો તેઓને જ રક્ષિણ ફાજલનો લાભ મળશે તથા ડી.ઈ.ઓ.એ.એન.ઓ.સી./ બહાલી આપી હોય પરંતુ રેશિયો બહારના અને લઘુલાયકાતવાળા કે જેઓની નિમણૂક ખોટી રીતે થઈ હોય તેઓને ફાજલ નો લાભ આપી શકાય નહિ અને તેઓની નિમણૂક રદ થવા પાત્ર છે. તેવી પણ સૂચના બહાર પાડી હતી. આ બાબતમાં લઘુલાયકાત વાળા તથા રેશિયો બહારના શિક્ષકોને રક્ષણ આપવા સંદર્ભમાં શિક્ષક સંઘો તરફથી સરકારશ્રી સમક્ષ રજુઆતો કરવામાં આવી હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે બિનસરકારી માઘ્યમિક કે ઉચ્ચતર માઘ્યમિક શાળાઓના લઘુલાયકાતવાળા અને રેશિયો બહારના શિક્ષકોને નીચેની શરતોએ ફાજલનુ રક્ષણ આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) તા.૩૦–૬–૯૮ સુધીમાં નિમણૂક પામેલ લઘુલાયકાત વાળા તથા રેશિયો બહારના તમામ શિક્ષકો જેમની નોકરીમાં ૩૬૫ દિવસની સેવાઓ પૂર્ણ થયેલ હોય તેઓને ફાજલ તરીકેનુ રક્ષણ મળી શકશે.

(૨) ૧૯૯૪ થી ૧૯૯૮ ની વચ્ચે તા. ૬–૭–૯૮ ના હુકમો અમલમાં આવતા પહેલાં છૂટા થયેલા લઘુલાયકાતવાળા કે રેશિયો બહારના તેમ જ ટ્રિબ્યુનલ/કોર્ટમાં હારી ગયેલ શિક્ષકો ને રક્ષણ મળી શકશે નહિ.

(૩) ઠરાવની તારીખથી બે વર્ષ સુધીમાં લઘુ લાયકાત ધરાવતા શિક્ષકો એ પૂર્ણ લાયકાત મેળવવાની રહેશે.

(૪) ક્રમ–૩ મુજબની શરત પરિપૂર્ણ નહિ કરનાર શિક્ષકનુ રક્ષણ રદ થશે અને આપોઆપ છૂટા થયેલા ગણાશે.

(૫) લઘુલાયકાત અને રેશિયો બહારના શિક્ષકોને ફાજલ કરનાર માતૃસંસ્થાએુ શાળામાં ભરતીના પ્રસંગે પ્રથમ આવા ફાજલ શિક્ષકોને સમાવવાના રહેશે.

(૬) લઘુલાયકાત અને રેશિયો બહારના આ શિક્ષકોને શાળાઓની બિનશૈક્ષણિક જગ્યાઓ ઉપર મૂકવામાં આવશે, જે તેમણે સ્વીકારવાની રહેશે. અન્યથા ફાજલ તરીકેનુ રક્ષણ રદ થશે અને આપોઆપ છૂટા થયેલા ગણાશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨૧–૪–૨૦૦૧ ની સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજય ના રાજયપાલશ્રનિા હુકમથી અને તેમના નામે,

સહી, બી.કે. ભટ
ઉપસચિવ, શિક્ષણ વિભાગ

# બિનસરકારી માઘ્યમિક તથા ઉચ્ચતર માઘ્યમિક શાળાના શિક્ષકો, કર્મચારીઓને રક્ષણ આપવા અંગે.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંકઃ ઉમશ–૧૧૯૦
સચિવાલય, ગાંધીનગર, તા.૧૬–૮–૨૦૦૨.

**સંદર્ભ :** (૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : ઉમશ–૧૧૯૮–ઈએમ–૫૩–ગ–૧,તા.૬–૭–૯૮

(૨)શિક્ષણ વિભાગનો પત્રક્રમાંક : ઉમશ–૧૧૯૮–ઈએમ–૫૩–ગ–૧,તા.૨૭–૧૦–૯૯

(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : ઉમશ–૧૧૯૮–ઈએમ–૫૩–ગ–૧,તા.૧૫/૫/૦૧

**સુધારો :** ઉપર આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના હુકમોથી તા. ૩૦–૬–૦૮ સુધીમાં નિમણૂક પામેલા તમામ શિક્ષકો જેમની નોકરીમાં ૩૬૫ દિવસની સેવાઓ પૂર્ણ કરેલ હોય તેઓને ફાજલ તરીકેનું રક્ષણ મળી શકશે તેવુ ઠરાવવમાં આવેલ છે. આ અંગે વધુમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. :

(૧) તા.૩૦–૬–૯૮ સુધીમાં નિમણૂક પામેલા તમામ શિક્ષકોને જેમણે તા. ૩૦–૬–૯૮ કે ત્યાર પછી પરંતુ તા.૩૦–૬–૯૯ પહેલાં ૩૬૫ દિવસની સેવાઓ પૂર્ણ કરેલ હોય તેમને ફાજલ તરીકેનું રક્ષણ મળી શશે.

(૨) જૂના કેસો જેમાં ફાજલનુ રક્ષણ ન અપાયું હોય અને શિક્ષક છૂટા કરી દેવામાં આવ્યા હોય તેવા કેસો ફરીથી શરૂ ન કરવા.

(૩) આ નિર્ણય નો અમલ આ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

આ સુધારો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨૩–૭–૨૦૦૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, આર.બી. ધંધુકિયા
ઉપસચિવ, શિક્ષણ વિભાગ

ક્રમાંકઃ બમશ/૧૧૦૫/૧૩૬૩/ગ,
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :
૨૮ સપ્ટે ૨૦૦૫

પ્રતિ,
કમિશ્નરશ્રી,
મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી,
ર્ડા. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.

**વિષય :** બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલા સહાયકને જુદી જુદી શાળાઓમાં બજાવેલ છુટક સેવાઓ પાંચ વર્ષની ગણતરી માટે જોડી આપવા તેમજ સહાયકોને પાંચ વર્ષ પુરા થતાં જે તે સંવર્ગમાં સમાવવા એક સૂત્રતા જાળવવા બાબત.

**વિષય** : (૧) કમિશ્નરશ્રી, મ.ભો.યો. અને શાળાઓની કચેરી,ર્ડા.જી.મ.ભવન, ગાંધીનગર ના તા.૧–૪–૦૫ ના પત્ર ક્રમાંક : હ–૧,અડટ/જીઆઈએ/ ૦૪/૦૫/૨૪૫૧.
(૨) શિક્ષણ વિભાગના તા.૨–૭–૯૯ નો ઠરાવ ક્રમાંકઃબમશ/૧૧૯/૭૪૧/(૨)/ગ.

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૧–૪–૦૫ ના પત્ર ક્રમાંક –હ–૧/જીઆઈએ/૦૪/૦૫/૨૪૫૧ ના સંદર્ભમાં કરવામાં આવેલ દરખાસ્તનો ફકરા ૧,૨ અને ૪ મુજબની કાર્યવાહી કરવા મંજુરી આપવામાં આવે છે. જયારે ફકરા ૩ અનુસંધાને જો કોઈ શિક્ષણ સહાયકને શાળામાં વર્ગ સંખ્યા/ વિદ્યાર્થી સંખ્યા ઘટવાને લીધે અથવા આખી શાળા વહીવટી કારણોસર બંધ કરવામાં આવેલ હોય અને તેને લીધે સહાયકોને છુટા થવુ પડયુ હોય તો જયારે તે પુનઃ જે તે સહાયક તરીકે પોતાની કે અન્ય શાળામાં જોડાય તો તેમની અગાઉની સેવાનો સમય ૫ વર્ષની ગણતરીમાં લઈને ૫ વર્ષ પુરા થયે ગણવાના અને તેને પુરા પગારમાં મુકવાના રહેશે તેવો સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. કમિશ્નરશ્રીની દરખાસ્ત સાથે મળેલ દરખાસ્તનો નમુનો અને આદેશના નમૂનાને મંજુરી આપવામાં આવે છે. તદઅનુસાર સંબંધિતોને જાણ કરવાની આગળની કાર્યવાહી કરવા કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગરને જણાવવામાં આવે છે.

(મનહર આર. ચૌધરી)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

**<u>નકલ રવાના :</u>**

–પ્રમુખશ્રી, ગુજરાત રાજય માઘ્ય.શાળા વહીવટી કર્મચારી સંઘ,મહામંડળ તરફ જાણ માટે
–સંબંધિત ફાઈલોના રેકર્ડ માટે.
–નાયબ સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઈલ.
–સિલેકટ ફાઈલ/ગ–શાખા.

.....................................................................................

ક્રમાંકઃ બમશ/૧૧૦૫/૧૩૬૩/ગ,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૧૦–૧૦–૨૦૦૫

પ્રતિ,
કમિશ્નરશ્રી,
મઘ્યાહન ભોજન યોજના અને શાળાઓ,
ડાૅ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય : બીનસરકારી માઘ્યમિક/ઉચ્ચતર માઘ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલા સહાયકને જુદી જુદી શાળાઓમાં બજાવેલ તૂટક સેવાઓ પાંચ વર્ષની ગણતરી માટે જોડી આપવા તેમજ સહાયકોને પાંચ વર્ષ પુરા થતાં જે તે સંવર્ગમાં સમાવવા એક સૂત્રતા જાળવવા બાબત.

વિષય : (૧) કમિશ્નરશ્રી, મ.ભો.યો. અને શાળાઓની કચેરી,ગુજરાત રાજય, ગાંધીનગર ના તા.૧–૪–૦૫ ના પત્ર ક્રમાંક : હ–૧,અડટ/જીઆઈએ/ ૦૪/૦૫/૨૪૫૧.
(૨) શિક્ષણ વિભાગના તા.૨–૭–૯૯ નો ઠરાવ ક્રમાંકઃબમશ/૧૧૯૯/૭૪૧/(૨)/ગ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૨૮–૯–૦૫ નો પત્ર ક્રઃબમશ–૧૧૦૫–૧૩૬૩–ગ
(૪) ગુજરાત રાજય માઘ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળની તારીખઃ ૧૦–૧૦–૦૫ ની રજુઆત.

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, ઉપર સંદર્ભ(૪) માં જણાવેલ તા.૧૦–૧૦–૦૫ ના પત્રથી ગુજરાત રાજય માઘ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ તરફથી આ વિભાગના ઉપર સંદર્ભ(૩) માં જણાવેલ તા.૨૮–૯–૦૫ ના પત્રમાં કેટલાક સુધારાઓ કરવા સૂચવેલ છે. જે ઘ્યાને લઈ, પ્રસ્તુત બાબતમાં આ વિભાગના ઉપર સંદર્ભ(૩) માં જણાવેલ તા.૨૮–૯–૦૫ ના પત્રની ચોથી લીટીમાં દરખાસ્તના ફકરા ૧,૨ અને ૪ દર્શાવેલ છે તેને બદલે ૧,૩ અને ૪ નો સુધારો કરવામાં આવે છે જયારે ફકરા ૩ ના અનુસંધાને જે કોઈ શિક્ષણ સહાયક

દર્શાવેલ છે તેને બદલે ફકરા:ર ના અનુસંધાને તમામ સહાયકોને (શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયક) તે પ્રમાણે સુધારો કરવામાં આવે છે.

(મનહર આર. ચૌધરી)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

**નકલ રવાના :**
–પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્ય.શાળા વહીવટી કર્મચારી સંઘ,મહામંડળ તરફ જાણ માટે
–સંબંધિત ફાઈલોના રેકર્ડ માટે.
–નાયબ સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઈલ.
–સિલેકટ ફાઈલ/ગ–શાખા.

........................................................................................

**શ્રી જનક એ. ત્રિવેદી**
એડવોકેટ,
ગુજરાત એજયુકેશન ટ્રિબ્યુનલ, અમદાવાદ.

## ાયર સેકન્ડરીના શિક્ષક/ કર્મચારીને ફાજલ કરવા અંગે કાનૂની સ્થિતિ

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, નિતી અને પ્રશ્નો :–

ઓકટોબર ૧૯૭૫ માં રાજયના શિક્ષણ વિભાગના તા.ર૮–૧૦–૭૫ ના ઠરાવથી નવી તરાહ (૧૦ + ર + ૩) નો નિતી વિષયક નિર્ણય જાહેર કરવામાં આવ્યો.

૧૯૭૬–૭૭ ના શૈક્ષણિક વર્ષથી અર્થાત જૂન ૧૯૭૬ થી ઉચ્ચતર માધ્યમિક વિભાગ તરીકે ધો.૧૧ નવી તરાહનું શિક્ષણ રાજયમાં શરૂ થયું અને ૧૯૭૭ ના વર્ષમાં ધો.૧ર ક્રમશઃ શરૂ થયેલ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની એડહોક રચના કરવામાં આવી. ધો.૧ર ની બોર્ડની જાહેર પરીક્ષા એપ્રિલ ૧૯૭૮ માં સૌપ્રથમવાર લેવાઈ. નવી તરાહ શરૂ થતાં ખાસ કરીને ૧૯૭૭–૭૮ ના શૈક્ષણિક વર્ષમાં રાજયની કોલેજોમાં એક વર્ષનાં વર્ગો ઘટતાં કોલેજના જુનિયર અધ્યાપકોને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમાવવામાં આવ્યા અને માધ્યમિક શાળાના સિનિયર શિક્ષકોને વિકલ્પ આપી ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કાર્યભાર સોંપી તાસ એલાઉન્સ આપવામાં આવ્યું. જુલાઈ ૧૯૭૯ થી ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માટે પગાર ધોરણ અમલી બન્યું. વ્યવસાયલક્ષી શાળઓ ઉચ્ચતર માધ્યમિક વિભાગની કક્ષાએ શરૂ થઈ. ધો.૧૧, ૧ર અને તેના

વિવિધ પ્રવાહોમાં ઉત્તરોતર વર્ગો વધતા ગયા. વ્યવસાયલક્ષી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી લાયકાત કરતાં ઓછી લાયકાત વાળા શિક્ષકો નિમાતા ગયા. સરકારની છૂટછાટનો દૂરપયોગ અને ગેરલાભ પણ લેવાનું કેટલાક શાળા સંચાલકોએ શરૂ કર્યુ બોગસ અને જરૂર કરતાં વધુ ભરતીઓ થઈ. ભૂતિયા વર્ગો અને શિક્ષકોનું પ્રમાણ વધતુ ગયું. જૂના સિનિયર શિક્ષકોને સ્ટેપીંગઅપ અને સિનિયર સ્કેલનો લાભ ન મળતા તથા વિકલ્પ આપવા અંગે ગુંચવણભરી નીતિના કારણે નુકશાન તથા પગારમાં વિસંગતતા ઉભી થવા પામી.

**નોકરીને લગતા વિવાદ અંગે ન્યાય પંચ (ટ્રીબ્યુનલ) ની રચના :**

ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના પગાર મુકરર કરવાના તથા પગારોની વિસંગતતા અંગેના વિવાદ ઉભા થતાં ન્યાયિક કાર્યવાહી અને રક્ષણ માટે અલાયદા કાયદાની જરૂરીયાત ઉભી થતાં રાજય સરકારે ૨૦ જાન્યુઆરી ૧૯૮૩ થી "ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શાળા સેવા અધિનિયમ" અમલી બનાવી તે માટેની ટ્રીબ્યુનલની રચના કરી તાત્કાલિન માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલના ન્યાયાધીશને નવા કાયદા હેઠળ કામ ચલાવવા વધારાની સતા આપવામાં આવી. વિવિધ પ્રકારના વિવાદોમાં ખાસ પગાર અને પગાર રક્ષણના તથા શિસ્ત અંગેના પગલાનં પરિણામે થતા વિવાદો અંગેના કેસો મુખ્યત્વે હતા. ફાજલના વિવાદ પ્રમાણમાં ઓછા હતા. જે પણ ઉતરોતર વધતા ગયા. પછી અલગ સ્વાયત ન્યાયાધીશ પણ નિમાવ્યા.

**ભૂતિયાવર્ગો અને ફાજલના પ્રશ્નો :**

૧૯૯૩–૯૪ ના વર્ષમાં સરકારે ભૂતિયા વર્ગોની નાબૂદીનું અભિયાન હાથ ધરતાં અને વ્યવસાયલક્ષી પ્રવાહ બંધ કરવાનું નકકી કરતાં મોટા પ્રમાણમાં શિક્ષકો ફાજલ થવા માંડયા. તેમને રક્ષણ આપવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૩૦–૮–૮૩ ના રોજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને રક્ષણ આપવા કરેલ હુકમને અનુલક્ષી તા.૧૮–૧૧–૧૯૮૩ ના રોજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના ફાજલને અન્ય શાળામાં સમાવવાનો પરિપત્ર સરકારે બહાર પાડયો અને તેમાં વખતો વખત નીતીને અનુરૂપ સુધારા વધારા થતા રહયા ૨૧–૧૨–૯૩, ૨૧–૫–૯૪ અને ૨૧–૧૨–૯૪ તથા ૬–૭–૯૮ થી ફાજલને રક્ષણ આપવાની નીતિમાં ફેરફાર કરવામાં આવ્યા અને તેને અનુલક્ષી અવાર નવાર પુરક પરિપત્રો બહાર પાડવામાં આવ્યા. છતાં યોગ્ય નિરાકરણ ફાજલ અંગે આવી શકતુ નથી તે સૂચક છે.

**ફાજલ કરવા જિલ્લા શિક્ષણાધિકારીને સતા આપતો વિવાદસ્પદ ઠરાવ :**

શિક્ષણ વિભાગે તા.૨૭–૮–૨૦૦૩ ના રોજ ખૂબ જ વિવાદસ્પદ અને મૂળ ધારાકીય જોગવાઈ થી વિપરીત પરપીત્ર બહારપાડી ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક/ કર્મચારીને ફાજલ

કરવા અને સમાવવા સંબંધિત સતાઓ જિલ્લા શિક્ષણાધિકારીઓને આપવાનુ ઠરાવતાં કાયદાકીય પ્રશ્નો અને વિવાદ ઉભા થયા છે. રાજયના મ.ભો. અને શાળાઓની કચેરીના કમિશ્નરશ્રી એ તા.૧–૮–૨૦૦૩ ના રોજ શિક્ષણ વિભાગને પત્ર લખી પોતાની જવાબદારી અને કામગીરી ઘટાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને ફાજલ અંગે સતા આપવાની દરખાસ્ત કરતાં શિક્ષણ વિભાગે ઉપરોકત ઠરાવ બહાર પાડેલ અને તે પછી તા.૧૨–૯–૨૦૦૩ ના રોજથી કમિશ્નર ઓફ સ્કૂલે તે અંગે જિ.શિ.અધિકારીશ્રીને જે માર્ગદર્શક સૂચનાઓ આપી તેનાથી પોતાને પાવર મળી ગયો છે તે રીતે વર્તી કાયદો ધારીકીય જોગવાઈ ગમે તે હોય પરંતુ પોતાને શિક્ષણ વિભાગે અને કમિશ્નરશ્રીએ વિશેષ સતા આપી છે તેથી તે મુજબ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો/ કર્મચારીઓ એ ફાજલ કરવાના અને સમાવવાના હુકમો જીલ્લા શિક્ષણાધિકારીઓ કરવા લાગ્યા. કાયદાકીય પરિપ્રેક્ષ્યમાં તેનુ મૂલ્યાંકન નામદાર ટ્રીબ્યુનલ સમક્ષ વિવાદની અરજી રજુ કરી તેને પડકારતાં જરૂરી બન્યું. કાયદો અને વહીવટી સૂચના બન્ને ભિન્ન બાબત છે. અધિકાર કાયદાથી જ મેળવી શકાય કે આપી શકાય, કાયદાની જોગવાઈનો ભંગ થતો હોય તેવી નીતી કે ઠરાવનું કોઈ મૂલ્ય નથી. કાયદાની દ્રષ્ટિએ તેવા ઠરાવ ટકી ન શકે. તે રદ થાય અને બિનઅસરકારક બને તેવા સંજોગોમાં નામદાર ટ્રીબ્યુનલે પણ આવા ઠરાવથી મળેલ અધિકારની રૂઈએ જિલ્લા શિક્ષણાધિકારીઓએ કરેલા ફાજલ ના હુકમો પ્રથમ દ્રષ્ટિએ જ ગેરકાયદેસર જણાતાં મનાઈ હુકમો આપ્યા અને અંતે ફાજલ કરવાના હુકમો રદ કરી ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક કે કર્મચારીને ફાજલ કરવાની સતા ધારાકીય જોગવાઈ મુજબ માત્ર કમિશ્નરશ્રીને જ છે તેમ ઠરાવ્યું.

**ધારાની કલમ ૧૪ જોગવાઈ અને જીલ્લા શિક્ષણાધિકારીની સતા :**

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શાળા સેવા ટ્રીબ્યુનલ એકટ ૧૯૮૩ ની કલમ ૧૪(૧) (બી) મુજબ ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીને શાળામાંથી કોઈપણ રીતે દૂર કરવા અંગેની જોગવાઈમાં જેમાં ફાજલ કર્મચારી/ શિક્ષકનો સમાવેશ થઈ જાય છે તેને માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની મંજુરી મેળવવી ફરજીયાત અને અનિવાર્ય છે. તે સિવાય કોઈપણ અધિકૃત અધિકાર ગણાય નહીં. ફાજલ અંગેનો નિર્ણય પણ તેઓ જ કરી શકે તેવું આ કલમ ના કાનૂની અર્થઘટનથી પ્રસ્થાપિત થયેલ છે. તેમ છતાં જીલ્લાશિક્ષણાધિકારીશ્રીઓને સતા આપતો ઠરાવ શિક્ષણ વિભાગે તા.૨૭–૮–૨૦૦૩ ના રોજ કરી કાયદાકીય જોગવાઈથી વિપરીત સૂચના જાહેર કરેલ જે શિક્ષણ વિભાગનું અપરિપકવ અને ઉતાવળીયુ પગલું હતું. નામદાર ટ્રીબ્યુનલે અને નામદાર ગુજરાત હાઈકોર્ટ પણ આ પરિપત્રને ગેરકાયદેસર જાહેર કરેલ છે છતાં હજુ કેટલાક જિલ્લા શિક્ષણાધિકારી ઓ તે અન્વયે હુકમ કરે છે તે તંત્રની બલિહારી ગણાય. તેવા હુકમ લઈને ખર્ચમાં ઉતરી કર્મચારીને

કોર્ટમાં આવવુ પડે દરમ્યાન નાહક હેરાનગતી અને હાલાકી પહોંચે તે વધારાની અદાલતના તાકીદ કરતાં સ્પષ્ટ હુકમ છતાં એક જ પ્રકારની ભૂલ કે હુકમો શિક્ષણાધિકારીઓ કરે અને ટ્રીબ્યુનલ કડક વલણ અપનાવે ત્યારે અધિકારીઓમાં નારાજગી વ્યાપે તે કેટલે અંશએ યોગ્ય કહેવાય? અદાલત કે ટ્રીબ્યુનલના ન્યાયીક હુકમોને સહજતાથી સ્વીકારી પ્રતિષ્ઠા કે ટકરાવનો મુદો બનાવ્યા સિવાય ન્યાય અને કાયદાનું સન્માન કરવામાં આવે તે જરૂરી છે.

**કર્મચારી અને શાળા પક્ષે સર્જાતી સ્થિતી :**

ફાજલ કરવા અંગે જિલ્લાશિક્ષણાધિકારી હુકમ કર્યા પછી પોતાના હુકમનું પાલન થાય જે તેવો દુરાગ્રહ રાખી તેને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવે છે. હુકમ થતાની સાથે સમાવેલ શાળામાં હાજર થવા અને તે માટે વર્તમાન શાળામાંથી છૂટા કરવા અંગે ફરજ પાડવામાં આવે છે. કર્મચારીનો પગાર બંધ કરવાની ધમકી અપાય છે અને શાળાની ગ્રાન્ટ અટકાવવા અને કોઈ એન.ઓ.સી. ન આપવાની ધમકી આપવામાં આવે છે. આમ કર્મચારી અને શાળા બંન્નેને પક્ષે દ્વિધા જનક સ્થિતી સર્જાય છે. પરંતુ કાયદાની સાચી સ્થિતી, રક્ષણ અને ઉપયોગ અંગે અપુરતી સભાનતા અને ગેરસમજ, દબાણ તથા વિવાદ ટાળવાની મનોવૃતીના કારણે ખોટા હુકમોને તાબે થાય છે ત્યારે સમાજનો શિક્ષીત વર્ગ પણ આ પ્રકારે અન્યાયને સહજતાથી લે તે ગંભીર દૂરોગામી સ્થિતીને જન્મ આપે છે. જે અંગે જાગૃત થવાની ખૂબ જ જરૂર છે.

**ઉપસંહાર :**

ઉપરોકત ચર્ચા અંતે એક બાબત કાયદાની દ્રષ્ટિએ સ્પષ્ટ છે કે, ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારી/ શિક્ષકને ફાજલ કરવા અંગે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી અને તેમની કક્ષાના સંયુકત શિક્ષણ નિયામકશ્રી સુનાવણી કરી નિર્ણય કરી શકે. જિલ્લા શિક્ષણાધિકારી સુનાવણી કે નિર્ણય કરી શકે જ નહીં અને કોઈ પરિપત્ર કે તેવા પ્રકારની વહીવટી સૂચનાથી પણ શિક્ષણ વિભાગ કે કમિશ્નર આ સતા જિ.શિ.અધિકારીને તબદીલ ન કરી શકે. કાયદાકીય જોગવાઈ વહીવટી પાંખને, શાળાને, કોર્ટ, કર્મચારી તથા તમામ પક્ષકારને સૌને બંધનકર્તા છે. અર્થાત્ કાયદો સૌને માટે સમાન છે.

## રહેમરાહે નિમણૂંક પામેલ કર્મચારીને વર્ગ ઘટાડાને કારણે છૂટા કરવાના થાય તેવા સંજોગોમાં ફાજલનું રક્ષણ મળવા અંગે.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંકઃ બમશ–૧૦૦૩–૩૫૮૮–ગ,
સચિવાલય, ગાંધીનગર, તા.૨૭–૪–૨૦૦૫

**વંચાણે લીધા :**

૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ કેસ નં.૨૭૯/૨૦૦૩ ચુકાદો તા.૧૬–૩–૨૦૦૪

૨. ગુજરાત સેકન્ડ સેકન્ડરી એજયુકેશન ટ્રિબ્યુનલ કેસનં.૩૪૦/૦૩ અને કેસનં.૩૦૬/૪

૩. આ વિભાગનો ઠરાવ ક્રમાંકઃઉમશ–૧૨૯૩–૨૫૩૩–ગ–૧,તા.૨૧–૫–૧૯૯૪

૪. કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરીના તા.૩–૧૨–૨૦૦૩ નો પત્ર.

**આમુખ :–**

રાજયની બિનસરકારી માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતાં શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નોકરી આપવાની યોજના વિભાગના તા.૪–૭–૮૮ ના ઠરાવથી અમલમાં આવેલ છે. રહેમરાહે નિમણૂંક પામ્યા બાદ કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થવાને કારણે કે શાળાના વર્ગમાં ઘટાડો થવાના સંજોગોમાં શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની સંખ્યામાં પણ ઘટાડો થાય અને તેવી પરિસ્થિતિમાં રહેમરાહે નિમણૂંક પામેલ કર્મચારીઓને પણ છુટા કરવાના પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે.

વિદ્યાર્થીઓના અભાવે બંધ થતી કે વર્ગમાં ઘટાડાના કારણે ઉભી થતાં પરિસ્થિતીમાં બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને રક્ષણ આપવાની નીતિ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના ઠરાવથી અમલમાં આવેલ પરંતુ જો તા.૩૦–૬–૯૮ પહેલાં કર્મચારીની નિમણૂંક થયેલ હોય તો જ તેને ફાજલનું રક્ષણ મળવાપાત્ર થતુ હતું. ત્યારબાદ થયેલ કર્મચારીઓની નિમણૂંકને આ નીતિનો લાભ મળવાપાત્ર થતો ન હતો.

વર્ગ ઘટાડાને કારણે સાબરકાંઠા જીલ્લાની આર્યજયોત વિદ્યાલય, શામળાજીની શાળામાં રહેમરાહે નિમણૂંક પામેલ કર્મચારી કંચનબેન અરવિંદકુમાર પટેલને નિયમોનુસાર ફાજલનું રક્ષણ મળવાપાત્ર થતુ ન હોવાથી તેઓને છૂટા કરવામાં આવતાં તેઓએ ગુજરાત માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ માં દાવા અરજી નં. ૨૭૯/૨૦૦૩ દાખલ કરવામાં આવેલ. ગુજરાત માધ્યમિક શિક્ષણ ટ્રીબ્યુનલના તા.૧૬–૩–૨૦૦૪ ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક : (૧) ના ચુકાદાથી રહેમરાહે નિમણૂંક પામેલ કર્મચારીને ફાજલનુ રક્ષણ આપવા ચુકાદો આપવામાં આવેલ. દરમ્યાનમાં, રાજય

ની અન્ય શાળાઓમાં પણ વર્ગ ઘટાડા/વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડાને કારણે રહેમરાહે નિમણૂંક પામેલ કર્મચારી સર્વશ્રી પંકજપુરી અમૃતપુરી ગોસ્વામી, સાબરકાંઠા અને શ્રી દશરથભાઈ લીલાજીભાઈ રાવળ, અમદાવાદને છૂટા કરવામાં આવતાં તેઓએ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨) મુજબ ગુજરાત સેકન્ડ સેકન્ડરી એજ્યુકેશન ટ્રિબ્યુનલમાં દાદ માગવામાં આવેલ.

ગુજરાત માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ તથા ગુજરાત સેકન્ડ સેકન્ડરી એજ્યુકેશન ટ્રિબ્યુનલમાં દાખલ કરવામાં આવેલ કેસ અને તેના ચુકાદાને લક્ષમાં લઈ રહેમરાહે નિમણૂંક પામેલ કર્મચારીને વર્ગ ઘટાડા કે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડાને કારણે છૂટા કરવાના પ્રસંગે ફાજલનુ રક્ષણ આપવાની બાબત વિચારણા હેઠળ લેવામાં આવેલ.

**ઠરાવ :**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજયની બિન સરકારી માધ્યમિક શાળાઓમાં રહેમરાહે નિમણૂંક પામેલ બિનશૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં જયારે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો કે શાળામાં વર્ગ ઘટાડાને કારણે આવી રીતે નિમણૂંક પામેલ કર્મચારીને છૂટા કરવાના પ્રસંગ ઉભા થાય ત્યારે નિમણૂંકના પ્રકાર અને રહેમરાહે નિમણૂંક પામેલ કર્મચારી પૂરતી નીચે દર્શાવ્યા મુજબની નવી નીતિનો અમલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રહેમરાહે નિમણૂંક પામેલ બિન શૈક્ષણિક કર્મચારીને શાળામાં નિમણૂંક બાદ વર્ગ ઘટાડા કે વિદ્યાર્થી સંખ્યાના ઘટાડાના કારણે છૂટા કરવાના સંજોગો ઉપસ્થિત થાય તેવા કિસ્સાઓ પૂરતી જ આ નીતિ હેઠળ ફાજલનુ રક્ષણ આપવામાં આવશે તે સિવાયના કિસ્સાઓમાં ફાજલનું રક્ષણ મળવાપાત્ર રહેશે નહીં. આ નીતિ અમલમાં આવ્યા પૂર્વે ના આમુખમાં દર્શાવેલ ત્રણેય કર્મચારીઓના કિસ્સામાં આ નીતિનો લાભ મળવાપાત્ર થશે.

૨. આવા ફાજલ કર્મચારી જે શાળામાંથી છૂટા થયા હોય તે શાળા શરૂ થયાના પાંચ (૫) વર્ષની અંદર બંધ થયેલ ન હોવી જોઈએ.

૩. જે શાળામાં વર્ગ બંધ થવાના કારણે કર્મચારી ફાજલ થાય તે શાળાને આવો વર્ગ બંધ થયા પછી પાંચ વર્ષ સુધી નવો વર્ગ કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહીં. વળી, જો શાળા ગ્રાન્ટેડમાંથી નોન ગ્રાન્ટેડમાં તબદીલ થતી હોય તો તેની પૂરતી ચકાસણી જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ કરવાની રહેશે અને આવા કિસ્સાઓમાં આ નીતિ હેઠળનો લાભ મળવાપાત્ર રહેશે નહીં પરંતુ જે નિયમો અન્ય કર્મચારીઓ માટે અપનાવવામાં આવે તે જ નિયમો આવા કિસ્સામાં પણ લાગુ પાડવાના રહેશે.

૪. ફાજલ કર્મચારીને સમાવવા બાબતમાં જીલ્લા શિક્ષણાધિકારીનો આદેશ આખરી ગણવામાં આવશે અને જો સંબંધિત કર્મચારી તેમને ફાળવેલ જગ્યા ઉપર નહીં જાય તો તેને નોકરીમાંથી છુટા કરવામાં આવશે અને પછી નોકરી ગમે તેટલા વર્ષની હોય તો પણ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમય, ૧૯૭૨ ના વિનિમય–૩૩ ની જોગવાઈ મુજબ તેમને વળતર આપીને છુટા કરવાના રહેશે.

૫. જીલ્લાની કોઈપણ શાળામાં જગ્યા ન હોય તેવા કિસ્સામાં જો જેતે જીલ્લામાં કન્યા શાળામાં જગ્યા ખાલી હશે તો તેવી શાળામાં પુરુષ કર્મચારીને ફાળવવામાં આવશે અને તેને કન્યા શાળાએ સ્વીકારવાના રહેશે. જો કન્યા શાળા આવી ફાળવણી બાદ કર્મચારીને હાજર કરશે નહીં તો શાળા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૬. સંસ્થા ફાળવેલ કર્મચારીને હાજર ન કરે તેવા કિસ્સાઓમાં જેટલો સમય આવા કર્મચારીને કામ વગર પગાર ચુકવવો પડે તે ખર્ચ સંસ્થાને ચુકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી કાપી લેવામાં આવશે. જો શાળાને બિનશૈક્ષણિક કર્મચારીના પગાર જેટલી નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન હોય તો તેવી શાળાની નોંધણી રદ કરવા માટેની કાર્યવાહી જીલ્લા શિક્ષણાધિકારીએ કરવાની રહેશે.

૭. ફાજલ કર્મચારીને સ્થળ પસંદગીનો વિકલ્પ મળવાપાત્ર થશે નહીં.

૮. ભાષાકીય કે ધાર્મિક લઘુમતિના પાયા ઉપર રચાયેલી સંસ્થાઓ ધ્વારા ચલાવતી શાળાઓમાં સમાવવામાં આવશે. વિકલ્પે નિયમોનુસારની કાર્યવાહી કરી વિનિમય–૩૩ મુજબ વળતર આપી છૂટા કરવાના રહેશે.

૯. રહેમરાહે નિમણૂંક પામેલ જે કર્મચારીને ફાજલ તરીકેનું રક્ષણ મળવાપાત્ર થશે તેને પ્રથમ માતૃ શાળાની નજીકની શાળામાં જે તે તાલુકામાં, તાલુકામાં જગ્યા ન હોય નજીકના તાલુકામાં અને જયારે જે તે જીલ્લામાં જગ્યા ન હોય ત્યારે તે નજીકના જીલ્લાની શાળામાં સમાવવાના રહેશે અને તે પ્રમાણે પણ જગ્યા ન હોય તો રાજયના ગમે તે જીલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને ત્યાં જવું જે તે કર્મચારી માટે ફરજીયાત રહેશે.

૧૦. બિનશૈક્ષણિક કર્મચારીની જગ્યા પ્રવર્તમાન નિયમોનુસાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ઉપર આધારીત છે. પણ આસીસ્ટન્ટ કમ પટાવાળા જેવી ખાસ ચોકકસ જગ્યાઓ ભૌતિક સુવિધા અને વર્ગોની સંખ્યાને ધ્યાનમાં રાખીને ઉભી થતી હોય છે અને આવી જગ્યાએ જયારે રહેમરાહે નિમણૂંકથી કોઈ કર્મચારીને સમાવવામાં આવેલ હશે અને તેને ઉકત

સંજોગોમાં ફાજલ થવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે પણ ઉપર જણાવ્યા પ્રમાણેના નિયમો જ લાગુ પાડવાના રહેશે.

૧૧. કોઈપણ શાળામાં બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઈન્ટ પ્રમાણે જે તે જગ્યા અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોય અને રહેમરાહે નિમણૂંક પામેલ ફાજલ બિન શૈક્ષણિક કર્મચારી જે તે જીલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે ઉપલબ્ધ હોય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ ફાજલ કર્મચારીથી જે તે જગ્યા ભરવાની રહેશે અને રોસ્ટર પોઈન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

૧૨. જો શાળામાં જગ્યા ખાલી પડે અને શાળાને જો ફાજલ કર્મચારી ફાળવવામાં આવેલ હોય તો નવી ખાલી પડતી જગ્યા માટે ના વાંધા પ્રમાણપત્ર આપેલ હોય અને ફાજલ કર્મચારી ઉપલબ્ધ હોય તો ફાજલ કર્મચારીની ફાળવણી કરવી. જો શાળામાં એક સાથે એક કરતાં વધુ જગ્યા ખાલી પડે અને ફાજલ કર્મચારી પણ ઉપલબ્ધ હોય તો તેને ફાળવણી આપવા આ પ્રમાણ ૧:૧ નુ રાખવાનુ રહેશે.

૧૩. નવી શરૂ થતી ગ્રાન્ટને પાત્ર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને ગ્રાન્ટની નીતિને અનુલક્ષીને ગ્રાન્ટને પાત્ર થતાં સમય લાગે તે દરમ્યાન આવી શાળાઓને પણ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં ઉપલબ્ધ ફાજલ કર્મચારીઓને ફાળવણી થયેલ ફરજિયાતપણે સ્વીકારવાના રહેશે અને આવા શિક્ષકોને ફકત પગાર ખર્ચ ગ્રાન્ટના રુપમાં આવી શાળાને આપવાનો રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર કાયદા વિભાગની તા.૧૮–૧–૨૦૦૫ અને નાણાં વિભાગની તા.૨૯–૧–૨૦૦૫ અનુમતિને આધીન બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**અરવિંદ ધડૂક, નાયબ સચિવ**
**શિક્ષણ વિભાગ**